અને જપ–તપની એવી તો ભીષ્મસાધના કરી અને કરાવી કે આ યુગમાં એક પ્રખર વિદ્વાન, એક ચુસ્ત ચારિત્રપાલક અને ભીમ-કાન્ત ગુણના અનેરા ધારક તરીકે શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજનાં નામ અને કામ એકી અવાજે વખણાઈ ગયા!

તેઓશ્રી જ્યોતિષ વિષયના અજોડ અભ્યાસી હતા. સકલ આગમોના રહસ્યના વેત્તા હતા. તેથી 'સકલાગમ રહસ્યવેદી' તરીકે સુપ્રસિદ્ધ બનેલા. આ પુણ્યપુરુષનો પ્રભાવ કોઈ ઓર જ હતો! સાધુસંસ્થા જ્યારે ઓટમાં હતી ત્યારે તેમણે ૬૦–૭૦ શિષ્યોનું સર્જન કર્યું, તે એ વાતની સાક્ષી પૂરે છે કે કઠોર ચારિત્રપર્યાયના સાધક/આરાધકને એવો જ શિષ્યસમુદાય મોટી સંખ્યામાં મળી રહે છે.

કોઈપણની ભૂલ થાય તો એની સામે પુણ્યપ્રકોપ ઠાલવવાની જવાબદારી અદા કરનારા અને પછી પાછું એટલું જ વાત્સલ્ય વહાવનારા આ મહાપુરુષે જ્ઞાન અને ચારિત્રનાં એવાં બીજ વાવ્યાં કે, એને વિકસાવનારા બે મહાપુરુષો–શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ અને શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના રૂપમાં આપણને મળી આવ્યા! તે સમયે કોઈ પણ ચર્ચાસ્પદ બાબતમાં પૂ. દાનસૂરીશ્વરજી મહારાજનો બોલ પ્રમાણ ગણાતો. આટલી હદ સુધી તેઓશ્રીની પ્રતિષ્ઠા હતી તેના મૂળમાં તેમનું અગાધ જ્ઞાન અને ઊંડી ચારિત્રનિષ્ઠા હતાં. પાટડી જેવા નાનાં ગામને પોતાની સ્વર્ગારોહણભૂમિ દ્વારા ઐતિહાસિક બનાવી જનારા આ મહાત્માની તવારીખો નીચે પ્રમાણે છે:

જન્મ : સં. ૧૯૨૪ ઝીંઝુવાડા, દીક્ષા : સં. ૧૯૪૬ ઘોઘા, આચાર્યપદ : સં. ૧૯૮૧ છાણી અને સ્વર્ગવાસ : સં. ૧૯૯૨ પાટડી.

## વડોદરા મુનિસંમેલનના મોભી : શાસનહિતૈષી

# પૂ. આચાર્યશ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ

સંવેગી સાધુતાના પાલક પિતા, વડોદરાના મુનિસંમેલનના આદ્ય પ્રેરક અને પ્રમુખ શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ જૈનસંઘમાં અનેક રીતે વિખ્યાત છે. તેમનો શાસ્ત્રાભ્યાસ, સાધુઓ પરનો અદ્વિતીય પ્રભાવ અને શાસનહિત આજ સુધી ચિરસ્મરણીય રહ્યા છે.

મૂળે રાધનપુરના વતની, પણ વર્ષોથી પાલીતાણા આવીને વસેલા કોરડિયા કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. તેમના પિતાનું નામ દેવચંદ નેમચંદ અને માતાનું નામ મેઘબાઈ હતું. આ ખાનદાન, આબરૂદાર, રાજ્યમાન્ય અને ગર્ભશ્રીમંત માતાપિતાને ઘેર સં. ૧૯૧૩માં ચૈત્ર સુદ ૩ ને સોમવારે ચોથા પુત્ર તરીકે તેમનો જન્મ થયો. તેમનું સંસારીનામ કલ્યાણચંદ્ર હતું. કલ્યાણચંદ્રનો અભ્યાસ ભાવનગરમાં થયો. ભણવામાં તેઓ ખૂબ જ હોંશિયાર હતા. તેમની વિદ્યાર્થી અવસ્થામાં જ સં. ૧૯૨૭ના જેઠ વદ પાંચમને દિવસે પિતાનું અવસાન થયું. ત્યાર પછી ભાઈની પ્રેરણાથી ધર્મનો રંગ લાગ્યો. દિવસે દિવસે ધર્મના રંગે રંગાવા લાગ્યા.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

થોડો સમય વીત્યો ત્યાં તેમના ભાઈ–ભાભી મૃત્યુ પામ્યાં. આ દુઃખદ બનાવથી તેમનો આત્મા પૂર્ણપણે વૈરાગ્ય તરફ ઢળી ગયો. આ વૈરાગ્ય રૂપી વેલ શ્રી વૃદ્ધિચંદજી મહારાજના સમાગમ રૂપી અમૃત મળતાં પાંગરતી ચાલી. અને વિ. સં. ૧૯૩૬ના વૈશાખ વદ ૮ને દિવસે અમદાવાદ પાસેના ગામે દીક્ષા ગ્રહણ કરી અને તપાગચ્છાધિપતિ શ્રી મૂળચંદજી મહારાજના શિષ્ય શ્રી કમલવિજયજી તરીકે જાહેર થયા. તેઓશ્રીને સં. ૧૯૩૭ના કારતક વદ ૧૨ને દિવસે વડીદીક્ષા અમદાવાદ મુકામે આપવામાં આવી.

મુનિશ્રી કમલવિજયજીએ સમર્થ ગુરુવર્ય સાથે રહીને શાસ્ત્રોનો અભ્યાસ શરૂ કર્યો. અને એક યા બીજા સાધુવર્ય પાસે રહી ન્યાય, વ્યાકરણ, કોષ, કાવ્ય આદિનો અભ્યાસ પૂરો કર્યો. 'સૂત્રસિદ્ધાંત'ના જાણકાર શ્રી ઝવેરસાગરજી મહારાજ પાસેથી આગમો પ્રાપ્ત કરી લીધાં. વિ. સં. ૧૯૪૯માં શ્રી મૂળચંદજી મહારાજ કાળધર્મ પામતાં સમુદાયની સગવડ સાચવવા યોગોદ્વહન કરીને તેઓશ્રી સં. ૧૯૪૭ના જેઠ સુદ ૧૩ના દિને પંન્યાસપદથી અલંકૃત થયા. પરંતુ પૂજ્યશ્રીની ક્રિયાશીલતા અને વિદ્વત્તાથી આખો જૈનસમાજ મુગ્ધ બની ગયો હતો; તેથી તેઓશ્રીને અમદાવાદમાં ૧૦–૧૨ હજારની માનવમેદની વચ્ચે સં. ૧૯૭૩ના મહા સુદ ૬ ને રવિવારે આચાર્યપદવીથી વિભૂષિત કરવામાં આવ્યા.

ત્યાર બાદ, ઠેર ઠેર વિહાર કરતાં કરતાં પૂજ્યશ્રી ઉપદેશ આપતાં કે, માનવસમાજનાં દુઃખ દૂર કરવા માટે જૈનોનો અહિંસાધર્મ જ વધારે અનુકૂળ છે. તેઓશ્રીએ ઘણી જગ્યાએ ઝઘડાઓ મિટાવ્યા હતા. વડોદરામાં શ્વેતાંબર શ્રમણસંઘનું સંગઠન તેમનાની થયું હતું. પ્રખર વિદ્યાભ્યાસી હોવા છતાં સમાજમાં શાંતિ માટે હૃદયપૂર્વક પ્રયત્નો કરવામાં શિથિલતા દાખવતા નહીં. તેથી પૂજ્યશ્રી જ્યાં જ્યાં જતાં ત્યાં ત્યાં શાંતિનો પરિચય થતો. આ કાર્ય માટે તેઓશ્રી સતત પરિશ્રમ કરતા. 'ઊઠો, જાગો અને મંઝિલે પહોંચો નહીં ત્યાં સુધી વણઅટકી કૂચ ચાલુ રાખો.' એ ધ્યેયમંત્ર તેમના ચારિત્રમાં ચરિતાર્થ થયો હતો.

પૂજ્યશ્રીએ ૫ ચાતુર્માસ અમદાવાદમાં, ૬ પાલીતાણામાં, ૫ સુરતમાં, ૩ વડોદરામાં. ૨ પાટણમાં, ૨ કપડવંજમાં અને ધોરાજી, મહેસાણા, ચાણસ્મા, ઊંઝા, લીંબડી, વઢવાણ, પાદરા, મુંબઈ, પૂના, યેવલા, બુરાનપુર, ડભોઈ, બીજાપુર, ખેડા આદિ શહેરોમાં એક એક ચાતુર્માસ કર્યા હતા. વડોદરા મુકામે ભરાયેલા મુનિસંમેલનના પ્રમુખપદે રહીને સાધુસમુદાયની શુદ્ધિ માટે અભૂતપૂર્વ ઠરાવો કર્યા હતા. એક મહાન દીર્ઘદર્શી મહાત્માઓમાં આજે પણ તેઓશ્રીની ગણના થાય છે.

સં. ૧૯૭૮માં વૈશાખ સુદ ૧૦ના તેઓશ્રીએ સુરતમાં સ્વહસ્તે પં. આણંદસાગરજીને આચાર્યપદ આપ્યું. ત્યાંથી વિહાર કરી બારડોલી પધાર્યા. આસો સુદ ૮ને દિવસે ઇન્ફ્લ્યૂએન્જા થવાથી તબીયત કથળી અને આસો સુદ ૧૦ના દિવસે પ્રતિક્રમણ કરતાં સ્વર્ગગમન કર્યું.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org